# આરોગ્ય પ્રધાનના મત વિસ્તારમાં જ પ્રજા તળાવનું ગંદુ પાણી પીવા મજબુર

પાલનપુર, તા. ૧૩ એક તરફ ઉનાળાની શરૂઆત થઈ ગઈ છે તો બીજી તરફ બનાસકાંઠાના સરહદ પર આવેલા સુઈગામ, વાવ તેમજ થરાદના ગામડાઓમાં સિંચાઈ સહીત પીવાના પાણીની સમસ્યા સર્જાઈ છે. જો કે રાજયના આરોગ્યપ્રધાન શંકર ચૌધરીના જ મત વિસ્તારમાં લોકો તળાવનુ ગંદુ પાણી પીવા મજબૂર બન્યા છે.

બનાસકાંઠા જીલ્લામાં સરહદી હોવાની સાથોસાથ છેલ્લા કેટલાક સમયથી નર્મદા કેનાલ થકી પીવાના પાણીની સમસ્યા હલ થઈ હતી. જો કે ગત ૧૫ માર્ચથી નર્મદા કેનાલમાં પાણી બંધ કરાતા હવે સિંચાઈની સાથે પીવાના પાણીની પણ તંગી પેદા થવા પામી છે હાલમાં ૭૦૦ મકાનની વસ્તી ધરાવતા સુઈગામના માવસરી ગ્રામજનો માટે પીવાના પાણી ની ભારે સમસ્યા સર્જાઈ છે. ગામમાં હાલ પીવાના પાણી માટે બનાવાયેલા બંને તળાવમાં પાણી ખૂટવાના આરે છે તેમજ ગ્રામજનો પીવાના પાણી માટે પશુઓ પણ ન પી શકે તેવું ગંદુ પાણી પીવા મજબુર બન્યા છે.

એક તરફ સ્થાનિક વિસ્તાર માટે નર્મદાની કેનાલ એક આશા સમાન બનવા પામી હતી તેવા સમયે ઉનાળાની શરૂઆતમાં જ સર્જાયેલી પાણીની તકલીફને પગલે હવે સુકાયેલા તળાવને ખોદીને પાણી પીવા માટે લોકો મજબુર બન્યા છે. જો કે થોડા સમય પહેલા સરકારી બાબુઓ માટે સ્થાનિકો દ્વારા સપ્તાહમાં ૪ દિવસ પાણી આપવાની વાત કરાઈ હતી. નર્મદાના બાબુઓએ ખેડૂતોના અંદોલનને પૂર્ણ કરવાના આશયથી જે તે સમયે હા કહી હતી પરંતુ હાલમાં વહીવટીતંત્ર અને નર્મદા નિગમના અધિકારીઓ એક બીજાને હાથતાળી આપી રહ્યા છે. જેમાં સ્થાનિક કક્ષાએ નિર્દોષ લોકો માટે કપરી પરિસ્થિતિ પેદા થવા પામી છે. જો કે આ બાબતે સ્થાનિક શાળાના આચાર્યએ પણ પાણીની સમસ્યા અંગે પોતાની નારાજગી દર્શાવી હતી.

સ્થાનિકોના પાણીની સમસ્યા પર હવે રાજકારણ પણ શરુ થવા પામ્યું છે. સ્થાનિકોને આવનારા સમયમાં પીવાના પાણીની સમસ્યા અંગે કોંગ્રેસ દ્વારા આંદોલનની ચીમકી પણ ઉચ્ચારાઈ છે.





## પાલનપુરમાં આંબેડકરજીની પ્રતિમાને ગોલ્ડન કલર કરાતા વિવાદ

આગામી ૧૪મી એપ્રિલે બાબા સાહેબ આંબેડકર ની ૧૨૫મી જન્મ જયંતીની ઉજવણી થનાર છે. ત્યારે જીલ્લા મથક પાલનપુર ખાતે ૨ દિવસ અગાઉ શહેરના સીમલાગેટ વિસ્તારમાં આવેલ બાબાસાહેબ આબેંડકરની પ્રતિમાને પાલિકાની મંજુરી વિના કોઈ એક સંસ્થા દ્વારા ગોલ્ડન કલર કરાયો હતો. જો કે ગોલ્ડન કલર કર્યા બાદ અંદરોઅંદર વિવાદ થતા પાલિકા દ્વારા ફરી બાબાસાહેબની પ્રતિમાને બ્લેક કલર કરવામાં આવ્યો હતો. દેશભરમાં જુદી જુદી જગ્યાએ બાબસાહેબની પ્રતિમાને એક જ કલર હોવાથી ગોલ્ડન કલર પર ફરીવાર બ્લેક કલર કરી દેવાયો છે.





ખેડા જિલ્લા ભાજપની જિલ્લા કારોબારી નડિયાદના બીએપીએસ સ્વામિનારાયણ મંદિર ખાતે યોજાઈ હતી. આ કારોબારીમાં પ્રદેશ મહામંત્રી શબ્દશરણભાઈ બ્રહ્મભટ્ટ, પ્રદેશ ઉપપ્રમુખ અને પ્રભારી જયસિંહ ચૌહાણ, વિધાનસભાના મુખ્ય દંડક પંકજભાઈ દેસાઈ જિલ્લા મહામંત્રી અર્જુનસિંહ ચૌહાણ, ગોપાલભાઈ શાહ, દિપકભાઈ પટેલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે જિલ્લા ભાજપ પ્રમુખ અને સાંસદ દેવુસિંહ ચૌહાણે કાર્યકરોને સંબોધતા જણાવ્યું હતું કે, આવનારી ૨૦૧૭ની વિધાનસભાની ચૂંટણી માટે દરેક કાર્યકરે અત્યારથી જ કામે લાગી જવું જોઈએ. કાર્યકરોના સંપ અને પરિશ્રમના કારણે આપણે ખેડા જિલ્લાની તમામ વિધાનસભા બેઠકો જીતી શકીશું અને ખેડા જિલ્લાને સંપૂર્ણ કોંગ્રેસ મુકત બનાવી શકીશું તેમ જણાવ્યું હતું.

## થરા પોલીસ મથકમાં લોક દરબાર યોજાયો

બનાસકાંઠાના થરા પોલીસ મથક ખાતે જિલ્લા પોલીસવડા નીરજ બડ ગુર્જરની ઉપસ્થિતિમાં લોક દરબાર કાર્યક્રમ યોજાયો હતો. જેમાં પ્રજાના પ્રશ્નો અંગે ચર્ચા કરવામાં આવી હતી અને તેના નિકાલ માટે જરૂરી સૂચનો કરવામાં આવ્યા હતા.

બનાસકાંઠા જિલ્લા પોલીસ વડા નીરજ બડગુર્જરના અધ્યક્ષપદે થરા પોલીસમથકે આયોજીત લોક દરબાર કાર્યક્રમમાં સ્થાનિકોએ તેમજ સમાજના આગેવાનોએ અનેક પ્રશ્નોની રજૂઆત કરી હતી. જેમાં દારૂના અડ્ડા બંધ કરાવવા, નાઈટ પેટ્રોલીંગ, ધાર્મિક સ્થળોની સુરક્ષા વધારવા ટ્રાફિકની સમસ્યા સુધારવા વણ ઉકેલાયેલા ગુના ઉકેલવા વગેરે પ્રશ્નો મામલે સત્વરે કાર્યવાહી કરવા અનુરોધ કરવામાં આવ્યો હતો. જ્યારે પોલીસ વડાએ પણ અરજીઓનો નિકાલ લાવવા બાંહેધરી આપી હતી. આ કાર્યક્રમમાં કાંકરેજ ધારાસભ્ય ધારસિંહભાઈ ખાનપુરા, મગનસિંહ વાઘેલા, કિર્તીસિંહ વાઘેલા, સુખદેવસિંહ સોઢા, મૂળરાજસિંહ વાઘેલા વગેરે આગેવાનો અને પોલીસકર્મીઓ હાજર રહ્યા હતા.

## પાલનપુરમાં પાવર બીલ્ડ કો. ઓપરેટીવ બેંકના સંચાલકો લાખોનું ફુલેકુ ફેરવી છૂમંતર

પાલનપુર, તા. ૧૩ બનાસકાંઠાના પાલનપુરમાં કીર્તિ સ્તંભ નજીક આવેલા કોમ્પ્લેક્ષ સ્થાનિક લોકોને સભાસદ બનાવી લાખો રૂપિયાનું ફૂલેકું ફેરવાયાનું સામે આવ્યું છે. જેના પગલે સ્થાનિકો ઓપરેટીવ બેંકના નામે કેટલીય બેંકો ખુલી રહી છે. તેવા સમયે વધુ ૧ બેંકનું ઉઠામણુ થતા સ્થાનિક




માં છેલા ૪ વર્ષથી સ્થાનિક લોકોને લોભામણી સ્કીમોની લાલચ બતાવી લાખોનુંફૂલેકુફેરવાયાનુંસામેઆવ્યુંછે.

બનાસકાંઠાના પાલનપુરમાં કીર્તિ સ્તંભ નજીક આવેલા કોમ્પ્લેક્ષમાં છેલ્લા ૪ વર્ષથી પાવર બીલ્ડ કો. ઓપરેટીવ બેંકના નામે દ્વારા પાલનપુર પોલીસ મથકે પોલીસ ફરિયાદ પણ નોધાવા પામી છે. જેમાં પાવર બીલ્ડ બેંકના ડાયરેકટર સહીત ૬ સામે ૧૦ લાખથી વધુની ૭૦ જેટલા ગ્રાહકોએ ફરિયાદ નોધાવી છે. એક તરફ પાલનપુર જેવા શહેરમાં રોજબરોજ કો. સભાસદોમાં પણ રોષ વ્યાપ્યો છે. પલાનુરના કીર્તિ સ્તંભ નજીક આવેલી આ બેંકમની જગ્યા એ છેલા ૬ માસથી અન્ય એક બેંક અસ્તિત્વ માં આવી જવાને પગલે સભાસદોએ આખરે પોલીસ ફરિયાદ નોધાવી છે.

## ડીસા જીઆઈડીસીમાંથી એસીડનો જથ્થો ઝડપાયો

સરકારે જવલનશીલ એસીડ રાખવું અને તેનું વેચાણ કરવા પર પ્રતિબંધ ફરમાવ્યો હોવા છતાં પણ કેટલાક લોકો ગેર કાયદેસર રીતે વેપાર કરે છે. ત્યારે બનાસકાંઠા જિલ્લા અને ટી રોમયો સ્કોર્ડે આજે બાતમીના આધારે ૫૧૧૦ લીટર શંકાસ્પદ એશીડનો જથ્થો ઝડપી પાડતા ખળભળાટ મચી ગયો છે.

ડીસાના જીઆઈડીસી વિસ્તારમાં પ્લોટ નં. ૫૨ પર ભાડાપટ્ટા પર લઈ શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ પટેલ બેટરીમાં પાણી ભરવાનું કામ કરે છે. તે દરમિયાન બુધવારે સવારે તેમની બેટરી પાણી બનવાની ફેક્ટરીમાં ગેરકાયદેસર એસીડનો જથ્થો પડ્યો હોવાનું બાતમી મળતા જિલ્લા એન ટી રોમિયો સ્કોર્ડના પીએસઆઈ એસ.બી. ચૌધરી તેમની ટીમ સાથે પહોંચી જઈ તપાસ હાથ ધરતા જવલનશીલ એસીડ ભરેલા ૧૪૬ કેરબા મળી આવ્યા હતા. તેમજ ફેક્ટરીના માલિક પાસે એસીડનો જથ્થો સંગ્રહ માટેનો કોઈ લાઈસન્સ ન હોવાથી અને ટી રોમયો સ્કોડની ટીમે આ તમામ જથ્થો જપ્ત કરી ડીસા નાયબ કલેક્ટરને જાણ કરી તેની વિરૂદ્ધ કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી. જ્યારે ફેક્ટરીના માલિક શૈલેષભાઈ વિઠ્ઠલભાઈ પટેલે પણ જવલનશીલ એસીડનો જથ્થો મહેસાણાથી મંગાવી તેમાંથી બેટરી પાણી બનાવતા હોવાનું કબુલ્યુ હતુ. તેમજ તેઓએ એસીડના સંગ્રહ માટેનું લાયસન્સ માટેની પ્રક્રિયા પણ કરી હોવાનું જણાવ્યું હતું.

## ભિલોડામાં અચાનક જ વીજ પ્રવાહ વધી જતા લાખોના વીજ ઉપકરણોને નુકસાન

### યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓના આંખ આડા કાન

ભિલોડા,તા.૧૩ અરવલ્લી જીલ્લાના ભિલોડામાં વીજ પ્રવાહ વધતાં અનેક લોકોના વીજ ઉપકરણો બળી જતાં લાખ્ખો રૂપિયાનું નુકશાન થયેલ છે. ભિલોડા યુ.જી.વી.સી.એલ.ના અધિકારીઓના આંખ આડા કાન પ્રજાજનો ભારે મુશ્કેલીમાં મુંકાયા છે.ભિલોડાના હાર્દસમા ગોવિંદનગર વિસ્તારના રાધાકુંજ સામે બે નવિન ડીપી મુકવામાં આવેલ છે.આ ડીપીઓમાંચાર-છ મહિને વીજ પ્રવાહ વધતાં ભડાકાનો અવાજથી નાસભાગ મચી જવા પામી હતી. અનેકવાર કેટલાય વીજ ગ્રાહકોના મોટી કિંમતના વીજ ઉપકરણો બળી જતાં હોહા મચી ગઈ હતી. ભિલોડામાં જનરલ મેડીકલ સ્ટોર્સ ધરાવતા મુકેશભાઈ ત્રિવેદીના મેડીકલમાં સી.સી. ટી.વી. કેમેરા, પંખા વિગેરે ઉપકરણો બળી જતાં મોટું નુકશાન થયેલ હતું તેમ છતાં કુંભકર્ણની નિદ્રામાં પોઢેલા અધિકારીઓ ઉંઘમાંથી જાગતા નથી.તા.૧૩/૪/૦૧૬ ને બપોરે ૨:૩૦ વાગ્યાના સુમારે ત્રીજીવાર ધડાકો થતાં ડી.પી. સળગ્યું અને અનેક વીજ ગ્રાહકોના ફ્રિજ, પંખા, ટી.વી., મોબાઈલ વિગેરે વીજ ઉપકરણો બળીને ખાખ થઈ ગયા હતા.

જેમાં ગોવિદનગરમાં રહેતા અમૃતલાલ હિરાલાલ ભાવસારના ઘરે પંખાઓ તેમજ સી.એફ.એલ. ટ્યુબો બળી જતાં મોટું નુકશાન થયું છે. (૨) સંતોષ મશીનરી સ્ટોર્સ (૩) શક્તિ ઓટો મોબાઈલ્સ (૪) જગદંબા મીશીનરી સ્ટોર્સ (૫) દિલખુશ હેર આર્ટ્સ વિગેરેનાઓના સીલીંગ ફેન બળી ગયા તે પછી જયંતીલાલ મણીલાલ ભાવસારના ઘરે ટી.વી., પંખો (૬) હિરાભાઈ પટેલના ઘરે ડીસ ટી.વી.નું એમ્પલીફાયર અને કોમ્પ્યુટર (૭) ભારત મેડીકલ સ્ટોર્સમાં પંખો, મોબાઈલ ચાર્જર, એમ. સી. બી. (૮) ગાયત્રી એગ્રો ટ્રેડર્સમાં પંખો આવા અનેક વીજ ગ્રાહકોના મોંઘા ઉપકરણો બળી ગયા છતાં સબ સલામતનું સુત્ર લઈ એ.સી.માં બેઠેલા અધિકારીઓના પેટનું પાણીય હાલતું નથી. ભિલોડામાં ઠેરે-ઠેર વીજ તાર ઝુલતા મીનારાની માફક લટકી પડતાં અનેક મોટા વાહન ચાલકો ભારે મુશ્કેલીમાં મુકાય છે.

ચોમાસુ નજીક આવી રહ્યું છે ત્યારે દરેક જગ્યાએ મરામતની જરૂર છે પણ યુ. જી. વી. સી. એલ.ના અધિકારીઓ ફોલ્ટવાળા કામકાજ પ્રત્યે કોઈ ધ્યાન આપતું નથી. ભિલોડાના ગોવિંનગર વિસ્તારમાં આવેલ ડી.પી.ઓનું સમારકામ સત્વરે કરી આ ફોલ્ટ દુર નહી થાય તો જાણવા મળ્યું છે કે નાગરીક સેવા સમિતી ધ્વારા ગાંધીચિધ્યા માર્ગે લડત આપવાનું રણશીગું ફુકાયું છે.

## ઈલોલ પાસેથી કતલખાને લઈ જવાતા ૧૮ પશુઓને બચાવાયા

હિંમતનગર તાલુકાના ઈલોલ રોડ પર મંગળવારે વહેલી સવારે ગ્રામ્ય પોલીસ સ્ટેશનના કર્મચારીઓ પેટ્રોલીંગમાં હતા ત્યારે ઈલોલ રોડ પરથી પસાર થઈ રહેલ ટ્રક નં.જીજે.૩૧.ટી. ૦૪૯૬ શંકાસ્પદ જણાતા તેને ઉભી રખાવી હતી. ત્યારબાદ ટ્રકમાં તપાસ કરતા પાસ પરમીટ વિના ૧૮ ભેંસોને મરણતોલ હાલતમાં બાંધેલા મળી આવ્યા હતા. જેથી પોલીસે મોડાસાના રાણાસૈયદ વિસ્તારમાં રહેતા અનવરભાઈ હસનભાઈ મુલતાની, અકીલભાઈ હસનભાઈ મુલતાની અને રસીદભાઈ ફકીરમહંમદ મુલતાનીની પુછપરછ કરી હતી. પરંતુ તેઓએ કોઈ પાસ પરમીટ ન બતાવતા પોલીસે રૂા.૩૬ હજારનું પશુધન, રૂા.૧૧ હજારના મોબાઈલ, ટ્રક મળી રૂા.૧૮.૭૧ લાખનો મુદ્દામાલ કબજે લીધો હતો. હેડ કોન્સ્ટેબલ હર્ષદકુમારે ત્રણેય જણા વિરૂધ્ધ ગ્રામ્ય પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.



## બાયડના આંબલિયારામાં દૂષિત પણીથી ૨૫ લોકોને ઝાડા-ઉલટી

અરવલ્લી જિલ્લાના બાયડ તાલુકાના આંબલિયારા ગામે સોમવારે અચાનક ૨૫થી વધુ વ્યક્તિઓ ઝાડા-ઉલટીના રોગમાં પટકાતા ગ્રામજનોમાં હાહાકાર મચી ગયો હતો. ગ્રામજનો દ્વારા આરોગ્ય વિભાગનો સંપર્ક કરતા આરોગ્ય અધિકારી ધર્મેન્દ્ર પરમાર દ્વારા ઝાડા-ઉલટીમાં પટકાયેલા ગ્રામજનોની

## વરાણા ખોડલ ધામ ખાતેથી પાટીદાર એકતા યાત્રા નિકળશે

મહેસાણા, તા.૧૩ પાટીદાર અનામત આંદોલનને લઈને પાસ દ્વારા આગામી ટુંક સમયમાં પાટીદાર એકતા યાત્રા શરૂ કરવાની જાહેરાત કરવામાં આવી છે.

પાટીદાર એકતા યાત્રાની શરૂઆત પાટણ જિલ્લાના સમી તાલુકાના વરાણા ખોડલધામથી થશે. જેનું સમાપન કડવા પાટીદારોના કુળદેવીશ્રી ઉમિયા માતાજી મંદિર ખાતેથી થશે. આ યાત્રા પાંચ જિલ્લાના ૬૨૨ ગામોમાં ફરશે. સમાપના દિવસે ઊંઝામાં પાટીદારોની સભા યોજાશે. જેમાં અંદાજે એક લાખ જેટલા પાટીદારો ઉપસ્થિત રહેશે. આ યાત્રા આગામી તા.૨૮મી એપ્રિલથી ૨જી મે વચ્ચે યોજાશે તેવું જાણવા મળેલ છે.

દરમિયાન પાટીદાર અનામત આંદોલનના પ્રશ્ને મહેસાણા જિલ્લામાં અત્યાર સુધીમાં લગભગ ૬૦ જેટલા પાટીદાર યુવાનોએ માથે મુંડન કરાવી વિરોધ વ્યકત કર્યો છે. મુંડન કરાવનારા યુવાનોમાં સૌથી વધુ બેચરાજી તાલુકાના ૨૦ જેટલા યુવાનોએ મુંડન કરાવ્યું છે.



## ઈડર ખાતે સામૂહિક રક્તદાન કેમ્પ યોજાયો

ભારત રત્ન વિશ્વવિભૂતિ મહામાનવ ડૉ. બાબાસાહેબ આંબેડરની ૧૨૫ જન્મ જયંતિ અંતર્ગત ઈડરના છાપરીયા ચોક વિસ્તારમાં સામૂહિક બ્લડ ડોનેટ કેમપનું આયોજન કરવામાં આવ્યું હતું જેમાં મંત્રી રમણલાલ વોરા ઉપસ્થિત રહી યુવાનોને પ્રોત્સાહિત કર્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મંત્રીશ્રી રમણલાલ વોરાએ અધ્યક્ષસ્થાનેથી ઉદબોધન કરતા જણાવ્યું હતું કે, સમગ્ર ભારતવર્ષમાં બંધારણના ઘડવૈયા અને મહામાનવ ડૉ. બાબાસાહેબની ૧૨૫ જન્મ જયંતિ નિમિતે અનેકવિધ કાર્યક્રમોનું આયોજન કરવામાં આવ્યું છે. જેમાં ઈડરના યુવાનો ધ્વારા ૧૨૫ બોટલ રક્ત એકત્ર કરવાનું પ્રસંશનીય કાર્ય કર્યુ છે. વધુમાં તેમણે ડૉ. બાબા સાહેબના વિચારો આચરણમાં ઉતારી સમાજપયોગી કાર્ય કરવા માટે આહવાન કર્યુ હતું.

સામૂહિક બ્લડ ડોનેટ કેમ્પમાં ઈડર નગરના પ્રથમ નાગરીક અને નગરપાલિકા પ્રમુખ શ્રીમતી કાન્તાબેન પરમાર, અગ્રણી રામભાઈ સોલંકી, વિનોદભાઈ પરમાર, મુકેશભાઈ પરમાર સહિત ડૉ. જયેશભાઈ પરમાર અને દલિત આગેવાનો અને યુવાનો ઉપસ્થિત રહ્યા હતા.

## વડાલીમાં આંબેડકર જન્મ જયંતિએ શોભાયાત્રા અને પ્રતિમા અનાવરણ કરાશે

ડૉ. બાબાસાહેબ આંબેડકરની ૧૨૫ મી જન્મ જયંતિ ૧૪ એપ્રિલને ગુરૂવારે વડાલી તાલુકા ડૉ. બાબાસાહેબ આંબેડકર જન્મ જયંતિ ઉજવણી સમિતિ દ્વારા અલગ રીતે ઉજવાશે. બાબાસાહેબની જન્મ જયંતિને લઈ ગુરૂવારે બપોરે શોભાયાત્રા કાઢવામાં આવશે. જે શોભાયાત્રા શહેરમાં ફરી સ્ટેટ હાઈવે પર આવેલા રોયલ પાર્ક પહોંચશે. જયાં નાગપુરથી લવાયેલ બાબાસાહેબની પ્રતિમાનું અનાવરણ કરાશે. અનાવરણ સમયે બાબાસાહેબની પ્રતિમા પર હેલિકોપ્ટરથી પુષ્પવર્ષા કરવામાં આવશે. આ પ્રસંગે હિંમતનગર નગરપાલિકાની ગટર સમિતિના ચેરમેન આર.બી. મકવાણા દ્વારા ડૉ. બાબાસાહેબની પ્રતિમા આપવામાં આવી છે. પ્રતિમા અનાવરણને લઈ સમિતિ દ્વારા શહેરમાં તેમજ તાલુકામાં ઠેર ઠેર હોડીંગ્સ લગાવી તોરણોથી સજાવવામાં આવી રહ્યુ છે.